Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ



આત્મ સં. ૮૮ (ચાલુ) વીર સં. ૨૫૦૯
વિક્રમ સંવત ૨૦૩૯ આસો

## અવધૂ કયા માગું ગુનહીના, એ ગુન ગનિ ન પ્રવીના

પરમ પૂજ્ય યોગીરાજ આનંદઘનજી મહારાજ સાહેબ

ગાય ન જાનું, બજાય ન જાનું ન જાનું સુર ભેવા;
રીઝ ન જાનું રીઝાય ન જાનું, જાનુ પદ સેવા,
અવધૂ કયાં માંગું ગુન હીના.

વેદ ન જાનું, કિતાબ ન જાનું, ન લક્ષણ છંદા;
તરકવાદ વિવાદ ન જાનું, ન જાનું સુર કવિ ફંદા;
અવધૂ કયા માંગુ ગુન હીના.

જાપ ન જાનું, જુવાબ ન જાનું, ન જાનું કથાવાતા;
ભાવ ન જાનું, ભગતિ ન જાનું, ન જાનું ન સીરા તાતા,
અવધૂ કયા માંગુ ગુન હીના.

ગ્યાન ન જાનું, વિગ્યાન ન જાનું, ન જાનું ભજનામા;
'આનંદઘન' પ્રભુ કે ઘર દ્વાર, રટન કરૂં ગુણધામા.

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૮૦ ] ઓકટોબર : ૧૯૮૩ [અંક : ૧૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧. | આતમ પરમાતમ પદ પાવે | પ. પૂ૦ યોગીરાજ ચિદાનંદજી મ. સા. | ૨૦૧ |
| ૨. | અવળો રાહ અનાદિનો | રતિલાલ માણેકચંદ શાહ | ૨૦૨ |
| ૩. | જિનભક્તિનો મહિમા | પ. પૂ૦ શ્રી વિનયવિજયજી મ. સા | ૨૦૪ |
| ૪. | શ્રી દીવાળી પર્વની મહત્તા | પ. પૂ૦ મુનિશ્રી અકલંકવિજયજી મ સા. | ૨૦૫ |
| ૫. | વર્તમાન ચોવિશીના તારણહાર જિનેશ્વર ભગવંતોના નામોલ્લેખ ઇતિહાસ ઉપર આછેરી નજર | સં. મુનિશ્રી હરિભદ્રસાગરજી મ. સા. | ૨૦૭ |
| ૬. | સતી સુરસુંદરી | પ. પૂ૦ આ. શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. સા.ના શિષ્ય પૂ૦ મુનિરાજશ્રી દાનવિજયજી મ. સા. | ૨૦૯ |
| ૭. | મનોવૃત્તિઓ તેમનું માર્ગાન્તરીકરણ | લે. 'શાર્દૂલ' મુનિશ્રી મોહનલાલજી | ૨૧૧ |
| ૮. | આરામ શોભા | પ.પૂ૦ આ.શ્રી વિજયનયપ્રભસૂરિજી મ.સા. | ૨૧૪ |


**સભાસદ બંધુઓ અને સભાસદ બહેનો,**

સવિનય જણાવવાનું કે સં. ૨૦૪૦ના કારતક શુદ ૧ને શનિવાર તા. ૫-૧૧-૧૯૮૩ના રોજ બેસતા વર્ષની ખુશાલીમાં મંગળમય પ્રભાતે આ સભાના સ્વ. પ્રમુખશ્રી શેઠશ્રી ગુલાબચંદભાઈ આણંદજીભાઇ તરફથી પ્રતિવર્ષ કરવામાં આવતી દૂધ પાર્ટીમાં (૯-૦૦ થી ૧૧-૦૦) આપશ્રીને પધારવા સપ્રેમ અમારૂં આમંત્રણ છે.

કાર્તિક શુદ પંચમીને બુધવાર સભાના હોલમાં કલાત્મક રીતે જ્ઞાન ગોઠવવામાં આવશે તો દર્શન કરવા પધારશોજી.

## પાલીતાણા મુકામે ઉજવાયેલ "વલ્લભ જયંતિ"

પૂ. વલ્લભસૂરિજીના સમુદાયના સાધ્વીજી પૂ. ચરણશ્રીજી, ડો બાવીશી તથા શ્રી એમ. કે. બગડિયાના પ્રયાસથી ઉજવાઇ હતી,

આ પ્રસંગે શેઠશ્રી જીવણલાલ તરફથી 'નદિષેણ, મહાપૂજન' ભણાવવામાં આવેલ

પ. પૂ. આચાર્યશ્રી ચદ્રોદયસૂરિએ માંગલિક સંભળાવ્યું પછી શ્રાવિકાશ્રમની બહેનોએ "વલ્લભ ગીત" ગાયું.

ડો. બાવીશીએ પૂ સ્વ. વલ્લભસૂરિજીના જીવનના પ્રસંગો વર્ણવેલ. ગુરુજી માનતા કે શ્રાવકો કેળવાયેલ હશે તો સમજપૂર્વક ધર્મ આરાધના કરશે આગળ ધપાવશે. તેઓશ્રીએ જૈન વિદ્યાલયની સ્થાપના કરી તેમજ સાધર્મિક ફંડ એકત્રિત કરેલું. પાકીસ્તાન વિસ્તારમાં જોખમભરી સ્થિતિ હતી ત્યારે દરેક શ્રાવકોને નીકળી જવા કહ્યું, "જબ તક એક ભી શ્રાવક યહાં ભય મે હૈ ઓર ન નિકલ જાય તબ તક મૈં નહિ નિકલુંગા." આ તેમની ભાવના વ્યક્ત કરે છે

ત્યારબાદ શ્રી માણેકલાલ બગડિયાએ તેઓશ્રીએ પંજાબીઓને ધર્મપરાયણ બનાવ્યા વગેરે હકિકત કહી.

(ટાઈટલ પેજ ૩ ઉપર)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી આત્માનંદ પ્રકાશ

તંત્રી : શ્રી પોપટલાલ રવજીભાઈ સલોત

વર્ષ : ૮૦ ] વિ. સં. ૨૦૩૯ આસો : ઓકટોબર-૧૯૮૩ [ અંક : ૧૨

# આનમ પરમાતમ પદ પાવે

પ. પૂ. યોગીરાજ ચિદાનંદજી મ. સા.

આતમ પરમાતમ પદ પાવે, જો પરમાતમ શું લય લાવે.

સુણ કે શબ્દ કીટ ભ્રંગી કો, નિજ તન મનકી સુધ બિસરાવે;
દેખ હુ પ્રગટ ધ્યાનકી મહિમા, સોઈ કીટ ભૃંગી હો જાવે.

(૨) કુસુમ સંગ તિલ તેલ દેખ કુનિ, હોય સુગંધ ફૂલેલ કહાવે;
શુક્તિ ગર્ભ ગત સ્વાતિ ઉદક હોય, મુકતા ફલ અનિદામ ધરાવે.

પિન પિયુમદ પલસાદિકમેં, ચંદનતા જપુ સુગંધથી આવે;
ગંગામેં જળ આણ આણકે, ગંગોદકી મહિમા ભાવે.

પારસકો પરસંગ પાય કુનિ, લોહા કનક સ્વરૂપ લખાવે;
ધ્યાતા ધ્યાન ધરત ચિત્તમેં, ઈમ ધ્યેય સ્વરૂમેં જાય સમાવે.

ભજ સમતા મમતાકું તજ તન શુદ્ધ સ્વરૂપથી પ્રેમ લગાવે;
'ચિદાનંદ' ચિત્ત પ્રેમ મગન ભયા, દુવિધા ભાવ સકળ મિટ જાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અવળો રાહ અનાદિનો

રતિલાલ માણેકચંદ શાહ-નડીઆદ

આપણે ત્યાં વિજળી ( ઇલેકટ્રીક ) નો પ્રકાશ ચાલુ હોય અને તે રાત્રીના એકાએક બંધ થઇ જાય તો આપણે કેવા અકળાઇ ઉઠીએ છીએ ? જે કામ કરતા હોઈએ તે પડતુ મૂકવું પડે, અજવાળાથી ટેવાયેલા આપણા નયનો આકૂળવ્યાકૂળ થઇ ઉઠે, અજંપો વધી જાય, જાણે આપણે અંધારું ઓઢી બેઠા હોઈએ અને બધો સંપર્ક ગૂમાવી બેઠા હોઇએ તેમ જણાય, અજંપો વધી જાય તેથી ધીરજ પણ ગૂમાવી બેસીએ અને વીજળીવાળાને ભાંડવા મંડી પડીએ અને પાછી લાઇન શરૂ થાય અને વિજળી ગોળાઓ ઝગમગી ઊઠે, ત્યારેજ આપણને શાંતિ થાય, આનંદ થાય, કામની શરૂઆત થાય, અંધારૂં ઉલેચાય જાય, પ્રકાશ પથરાઇ જાય અને કામમાં રક્ત બની જવાય.

પરંતુ આપણે વિચારીએ કે અનાદિ કાળથી આપણો આત્મા અજ્ઞાનદશાને કારણે અંધારૂં ઓઢીનેજ બેઠો છે. તે સંસારરૂપી અંધારામાં કૂટયા કરે છે, અથડાયા કરે છે. અટવાયા કરે છે, છતાં પણ તે અંધારૂ દૂર કરવાની તેની સહેજ પણ ઉત્કંઠા પ્રદિપ્ત થતી નથી. આ એક આશ્ચર્ય નહીં તો બીજું છે પણ શું ? પહેલાં જગતની અંધારાની પરિસ્થિતિનો ખ્યાલ કરો, અઢાર ક્રોડાક્રોડ સાગરોપમનો ગાઢ અંધકાર, આ સો, બસો કે હજાર વર્ષોનો પ્રશ્ન નથી પરંતુ અનંતા વર્ષોની હકીકત છે ( અજ્ઞાનતા એટલે અંધકાર, જ્ઞાન એટલે પ્રકાશ ), તે સમયે ધર્મ જેવુ કાંઇ હતું જ નહિ, જયાં ધર્મ પ્રવર્તમાન ન હોય ત્યાં અંધારું કેટલું ગાઢ હોય ? ધર્મ એટલે પ્રકાશ અને ધર્મ વિહીન દશા એટલે પ્રગાઢ અંધકાર આટલું પહેલાં આપણે સમજી લઇએ ( નારકીમાં કેવળ અંધકાર સિવાય કાંઇ હોતું જ નથી ) અને આપણો આત્મા અનંતાકાળ ત્યાંજ નિવાસ કરે છે એટલે આપણો સવિશેષ સમય અંધકારમાં વ્યતીત થાય છે. જ્યાં ધર્મ આચરવો કઠિન છે ( એટલી બધી દુઃખની વેદના હોય છે કે બીજું કાંઈજ યાદ આવે નહીં ).

અનાદિ કાળથી પ્રત્યેક ગતિમાં જીવોની ઉત્કંઠા રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દાદિ ઇંદ્રિયજન્ય સુખો મેળવવાની હોય છે. તે તરફનું આકર્ષણ તીવ્ર હોય છે. અને આજે પણ એજ પરિસ્થિતિમાંથી આપણે પસાર થઇ રહ્યા છીએ. આત્માનો મૂળગુણ ઉર્ધ્વગતિ તરફ ગમન કરવાનો છે, પણ આપણે જઈ રહ્યા છીએ અધોગતિ તરફ, પશ્ચિમ તરફ દોટ મૂકનારો, પૂર્વનું લક્ષબિંદુ કયાંથી પામી શકશે ? તેમ અનાદિ કાળથી આત્મા દોડે છે. ઈન્દ્રિયજન્ય સુખો પછવાડે ( ઇન્દ્રિયના વિષયો રૂપ, રસ, ગંધ, સ્પર્શ, શબ્દ ), તેની પછવાડે પાગલ બની આજીવ અનાદિ કાળથી દોટ મૂકી રહ્યો છે, પણ પોતે પોતાની તરફ જોતો નથી ( આત્માથી આત્માનો અનુભવ કરતો નથી ), પરના ચૂંથણા ચૂથ્યાજ કરે છે, પોતા તરફ દોટ મૂકતોજ નથી, બહારમાં જ દોડયા કરે છે. આપણા ચક્ષુઓ બહારનું બધુંજ નિહાળે છે, પણ પોતાને જ જોતો નથી, આ આપણું મોટામાં મોટું અપલક્ષણ ગણાય. સમસ્ત વિશ્વની પંચાત ડોળે, પણ પોતાની પંચાતમાં પડતો નથી ( ભીતરમાં જોતો નથી ). જેમકે આંખમાં કણી પડી હોય અને તે લાલઘૂમ બની ગઇ હોય છતાં ચક્ષુઓ પોતાના નયનો જોઈ શકતા નથી.

આપણો આત્મા પણ ઇંદ્રિય જન્ય સુખો (વિષયો) મેળવવા ઉત્સુકતા ધરાવે, પણ પોતાનો વિચાર ન આવે, ત્યાં સુધી તે સુખો અનર્થકારી છે તેવો ખ્યાલ કયાંથી આવે ? તે વિષયો વિષ જેવા છે તે કયાંથી સમજાય ? સાગરોપમ ચાલ્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જાય પણ આ વિષયો અનર્થકારક છે. ફસાવનાર છે, હેય છે તેવી બુદ્ધિ કયાંથી થાય ? અઢાર કોડા કોડ સાગરોપમ ગયા છતાં પણ ઈંદ્રિયજન્ય ભોગો દુઃખપ્રદ છે. દુઃખના હેતુભૂત છે તેમ સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નથી. જે અનાદિની અવળી ચાલ છે. સમસ્ત વિશ્વ એકજ પથનું પ્રવાસી છે. સ્પર્શાદિ લીનતામાં લીન એવાઓને તે છોડવા જેવા છે તે સમજાતું નથી. કોઈ કહે તો સાંભળવા તૈયાર નથી, તો પછી આચરવાનો તો પ્રશ્ન જ કયાં રહ્યો ?

જ્યારે કોઇ સદ્ગુરુ મળી જાય અને તેને સમજાવે કે, હે ભાઈ ! તું અધોગતિ તરફ જઇ રહ્યો છે, તું કયાં જઇ રહ્યો છે, તેનું તને ભાન નથી. માટે સમજ, તેમ કરવું યોગ્ય નથી. ત્યાંથી પાછો ફર, જગતના પ્રત્યેક પદાર્થો પરિવર્તનશીલ, વિનાશક, ચલવિચલ છે. તે તને અક્ષય સુખ બક્ષી શકે નહિ. તે છોડવા જેવા છે, તેના ઉપરથી દૃષ્ટિ ઉઠાવી લે. આ સંજોગે મળેલ શરીર પણ તારૂં નથી, આવા તો અનેક શરીરો મેળવ્યા અને છોડયા તો જગતના અન્ય પદાર્થો તારા કયાંથી હોય શકે ? આટલું બરાબર સમજી લે. વિષયો વિષ સમાન છે જે ચાર ગતિમાં રખડાવી મારે છે અને ભયંકર દુઃખોનું પ્રદાન કરે છે. માટે વિભાવમાંથી સ્વભાવમાં આવ, સ્વ-સ્વરૂપની અનુભૂતિ કર, સમકિતનો આવિષ્કાર કર, આત્મામાં રમમાણ રહે અને વીર્ય તેમજ પુરુષાર્થને તે તરફ ફેરવ, આત્માના મૂળ ગુણોનું પ્રગટીકરણ કર, રાગ–દ્વેષને વિલીન કર અને દર્શન–જ્ઞાન–ચારિત્રની ઐક્યતા સાધી શુક્લ ધ્યાન ધ્યાવી કેવળજ્ઞાનનો આવિષ્કાર કર ને પૂર્ણતાને પામ. આજ કરવા જેવું છે આજે નહીં તો કાલે. આ ભવમાં નહીં તો અન્ય ભવમાં, આ કર્યા સિવાય છૂટકો નથી, તો પછી અત્યારે જ શા માટે નહિ ?


## પ્રગટ થઈ ચુકેલ છે

**શ્રી શ્રીપાળ મહારાજાનો રાસ** પ્રગટ થઈ ચુકેલ છે જેની મર્યાદિત પ્રતો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી. મૂળ કીંમતે આપવાનો છે. તેની મૂળ કીંમત રૂપિયા વીસ રાખેલ છે; તો તાત્કાલિક મંગાવી લેવા વિનંતી.

—: સ્થળ :—

શ્રી જૈન આત્માનંદ સભા

ઠે. ખારગેટ : ભાવનગર : ( સૌરાષ્ટ્ર )

**તા. ક. :** બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ સહીત રૂપીઆ ચોવીસ અને વીશ પૈસાનું મનીઓર્ડર કરવા વિનંતી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જિન ભક્તિનો મહિમા

**પ. પૂ. શ્રી વિનયવિજયજી મ. સા.**

પ્રણમી શ્રી ગુરુરાજ આજ, જિનમંદિર કેરો;
પુન્ય ભણી કરશું સફલ જિન વચન ભણેરો. (૧)

દેહરે જાવા મન કરે ચોથ તણું ફળ પાવે;
જિન જુહારવા ઉઠતા છટ્ઠ પોતે આવે. (૨)

જઇશું જિનવર ભણીએ, માર્ગ ચાલંતા;
હોવે દ્વાદશ તણું પુન્ય ભક્તિ માલંતા. (૩)

અર્થ પંથ જિનવર તણો એ, પંદરે ઉપવાસ;
દીઠો સ્વામી તણો ભુવન, લહીએ એક માસ. (૪)

**જિનવર પાસે આવતાં, છ માસી ફલ સિદ્ધ;**
આવ્યા જિનવર બારણે, વર્ષો તપ ફલ લિદ્ધ. (૫)

સો ઉપવાસ પુણ્ય, જે પ્રદક્ષિણા દેતાં;
સહસ વર્ષ ઉપવાસ પુણ્ય, જે નજરે જોતાં. (૬)

ફળ ઘણા ફૂલની માલ, પ્રભુ કંઠે ઠવતાં;
પાર ન આવે ગીત નાદ, કેરાં ફલ થુણતાં. (૭)

શિર પૂજી પૂજા કરો એ, સુર ધૂપ તણો ધૂપ;
અક્ષત સાર તે અક્ષય સુખ, દીપ તનુ રૂપ (૮)

નિર્મળ તન મન કરી એ થુણતાં ઇન્દ્ર જગીશ,
નાટક ભાવના ભાવતાં પામે પદવી જગીશ. (૯)

જિનવર ભક્તિ વલી એ, પ્રેમે પ્રકાશી,
સુણી શ્રી ગુરુ વયણ સાર, પૂર્વ ઋષિ ભાખી; (૧૦)

અષ્ટ કર્મને ટાળવા, જિન મંદિરે જઇશું,
ભેટ ચરણ ભગવંતના, હવે નિર્મળ થઇશું. (૧૧)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી દીવાળી પર્વની મહત્તા

પ. પૂ. મુનિશ્રી અકલંકવિજયજી મહારાજ સા.

પ્રભુ મહાવીરસ્વામી કારતક વદ ૦)) એટલે ગુજરાતી આસો વદ ૦)) ના રોજ મધ્યરાત્રીએ નહિ પણ તેથી પણ ઓછી રાત્રી બાકી રહેતાં નિર્વાણ પામ્યા. તે દિવસની યાદગિરિ નિમિત્તે આપણે દીવાળી પર્વ ઉજવીએ છીએ. પ્રભુ મહાવીરસ્વામી પોતાનો નિર્વાણકાળ જાણી અપાપાનગરીમાં આવી હસ્તિપાલ રાજાની કારકુન સભામાં ઉતર્યા તે વખતે અઢાર ગણરાજાઓ જેમાં નવ મલ્લકી ને નવ લેચ્છવી જાતિના હતા. તેઓ કામ પ્રસંગે એકઠા થયા હતા. પ્રભુએ સોળ પ્રહોર સુધી દેશના આપી. તે સાંભળવા ફક્ત આહાર પૌષધ લઇ અઢારે ગણ રાજાઓ ત્યાં બેઠા હતા. પ્રભુનો નિર્વાણ કાળ આવતાં ઇન્દ્રે ત્યાં આવી પ્રભુને કહ્યું કે આપ ક્ષણ આયુષ્ય વધારો તો ભસ્મરાશી ગ્રહની પીડા શાસનને ભોગવવી પડે નહિ. ત્યારે પ્રભુએ ઇન્દ્રને કહ્યું કે હે ઇન્દ્ર ? તીર્થંકરો પણ આયુષ્યમાં વધારો કરવા સમર્થ નથી. અવશ્ય જે ભાવિભાવ બનવાનો છે તેમાં ફેરફાર થશે નહિ. ભસ્મરાશી ગ્રહ ઉતર્યા પછી શાસનનો ઉદય થશે પાંચમા આરામાં ત્રેવીશ ઉદયકાળ આવશે. તેમાં કુલ બે હજાર ને ચાર યુગપ્રધાન આચાર્યો થશે. તે પછી પ્રભુએ પુણ્ય-પાપનાં વિપાકને દેખાડનારાં અધ્યયનો કહ્યાં. પાંચમા તથા છઠ્ઠા આરાના ભાવો કહી બતાવ્યા. છેલ્લું મરૂ દેવા અધ્યયન ભાવતાં પ્રભુ નિર્વાણ પામ્યા. ભાવ ઉદ્યોત જતાં દેવોએ તથા અઢારે ગણ રાજાઓએ દીપક પ્રગટાવી દ્રવ્ય ઉદ્યોત કર્યો. ત્યારથી દીવાળી પર્વ દીપક પ્રગટાવી ઉજવવાનું શરૂ થયું. પણ ફટાકડા ફોડવાનું હિંસાત્મક કાર્ય તો પછીના કોઇ સમયે મહામિથ્યાત્વી અને અજ્ઞાની લોકોએ શરૂ કરેલ લાગ છે. જે પ્રભુ ત્રસને સ્થાવર તમામ જીવોની રક્ષા કરવાનું કહે તેનાજ ભક્તો આવું હિંસાત્મક કાર્ય હરગીજ કરે નહિં. માટે આપણે જૈન તરિકે ઓળખાવાનો દાવો કરતા હોઇએ તો પહેલી જ તકે આપણા ઘરમાં નાનું બાળક પણ ફટાકડા ફોડે નહિ તેવા સંસ્કાર પણ ખાસ જરૂરી છે. આજે પણ ધર્મજીવો દીવાળીનો છઠ્ઠ કરી પૌષધ લઈ શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાયનમઃ, શ્રી મહાવીરસ્વામી પારગતાયનમઃ અને શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાયનમઃ એ પદોની વીસ વીસ નવકારવાળી એટલે છ હજારનો જાપ કરે છે. દીવાળીના દેવવંદન રાત્રે ત્રણથી ચાર વાગતા સુધીમાં કરે છે ગૌતમસ્વામીને મહાવીર પ્રભુ પર અનહદ રાગના કારણે કેવળજ્ઞાન થતું નહિ જયારે તેમના હ થે દીક્ષિત થએલા કેવળજ્ઞાન પામી જતા. તેથી ગૌતમસ્વામીએ પ્રભુને તેનો ખુલાસો પુછતાં પ્રભુએ કહ્યું કે, હે ગૌતમ! તું ઘણા કાળથી મારી સાથે સ્નેહથી બંધાયેલ છે તે પ્રશસ્ત છતાં રાગના કારણે તને કેવળજ્ઞાન થતું નથી. તે રાગ જતાં તું કેવળજ્ઞાન પામીશ. ત્યારપછી તારો નિર્વાણ થતાં આપણે બન્ને સરખા થશું અને આદિ અનંતકાળ અનંત સુખને પામશું હવે પ્રભુએ પોતાનો નિર્વાણકાળ જાણી ગૌતમસ્વામીનો રગ કાઢવા માટે દેવશર્માને પ્રતિબોધવા નિમિત્તે મોકલ્યા ગૌતમસ્વામી પ્રભુની આજ્ઞાનુસાર દેવશર્માને પ્રતિબોધી પાછા ફરતાં લોકોના મુખથી પ્રભુનું નિર્વાણ થયાના સમાચાર જાણી ઘણો વિલાપ કરવા લાગ્યા. છેવટે અનિત્યાદિ ભાવનાઓ ભાવતાં તેમનો રાગ ગયો કે તરત જ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું દેવોએ પ્રભુનો નિર્વાણ મહોત્સવ ઉજવ્યો ને પ્રભાતે ગૌતમસ્વામીનો કેવળજ્ઞાન મહોત્સવ ઉજવ્યો. પ્રભુના નિર્વાણ પહેલાં પણ મુનિ સુવ્રત·



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વામીના તીર્થમાં થએલ વિષ્ણુકુમારે નમુચીને શિક્ષા કરવા લાખ યોજનનું રૂપ વિકુર્વેલું. તેઓ જયારે શાંત થયા તે પછી સંઘે પરસ્પર જુહાર કરી સુખશાતા પુછી ત્યારથી નવું વર્ષ ગણાયું. એટલે કારતક સુદ ૧ ના દિવસે શ્રાવકો પરસ્પર જુહાર કરવા લાગ્યા. પ્રભુના નિર્વાણથી નંદીવર્ધનને બહુ શોકમાં હતા. તેમનો શોક નિવારવા તેમની બ્હેન સુદર્શનાએ નંદીવર્ધનને પોતાને ઘેર લાવી ભોજન વગેરે કરાવી શોક મૂકાવ્યો ત્યારથી ભાઈ-બીજનું પર્વ કારતક સુદ ૨ બન્યું. આ રીતે દીવાળી પર્વની મહત્તા શાસ્ત્રમાં વર્ણવેલી છે. તો તે પર્વની ઉજવણી નીચે મુજબ શક્તિ અનુસાર દરેક ભાગ્યશાળીએ કરવી.

૧. આસો વદ ૧૪ તથા અમાસનો છઠ્ઠ તપ કરવો. પૌષધ બે દિવસ કરવા.

૨. ત્રણ ગુણુણાં ગણવા પૂર્વક કુલ સાઈઠ નવકારવાળીનો જાપ કરવો.

૩. બ્રહ્મચર્ય પાળવું, દેવદર્શન, જિનપૂજા, ગુરુપૂજન, વ્યાખ્યાન–શ્રવણ.

૪. દેવવંદન પ્રભુના નિર્વાણ તથા ગૌતમસ્વામી-ના કેવળજ્ઞાનનું કરવું.

૫. અતિથિ સંવીભાગ કરવો. એટલે સાધુ–સાધ્વીને કે તેમના અભાવે શ્રાવક–શ્રાવીકાને ઘેર લાવી ભોજન વગેરેથી ભક્તિ વૈયાવચ્ચ કરવું.

૬. ઘણા શ્રાવકો અઠ્ઠમ કરી કારતક સુદ ૨ના પારણું કરે છે.

અધિકસ્યઅધિકંફલં. ધર્મકરણી જેટલી વધુ બને તેટલી કરવી. દીવાળીના દિવસોમાં સારા ભક્ષ્ય પકવાનો બનાવી ચતુર્વિધ સંઘની ભક્તિ કરવી. સ્વામીવચ્છલ કરવું. ભોજન તાંબુલાદિ કરાવી પહેરામણી તરિકે વસ્ત્ર પાત્ર પૂજામાં ઉપકરણો, જ્ઞાનદર્શન ચારિત્રનાં ઉપકરણો વગેરે યથાશક્તિ ભેટ આપવા. સર્વ જીવ પ્રત્યે મૈત્રી ધારણ કરી સર્વનું ભલું ઇચ્છવું. અને સર્વ સાથે ક્ષમાપના કરવી. ખમવું ને ખમાવવું એ જૈન ધર્મનો સાર છે.


## પ્રગટ થઈ ચૂકેલ છે

**સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ લો** તથા **શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** જેની મર્યાદિત નકલો હોવાથી તાત્કાલિક મંગાવી લેવા વિનંતી છે. અને તે બન્ને ભાગો મૂળ કીંમતે આપવાના છે.

**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧** ( પૃષ્ઠ સંખ્યા–૨૨૪ ) કીંમત રૂપિયા પંદર.
**શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ જો** (પૃષ્ઠ સંખ્યા–૪૪૦) કીંમત રૂપીઆ પાંત્રીશ.
તો બન્ને ભાગો એકી સાથે મંગાવી લેવા વિનંતી છે.

:- સ્થળ -:

**શ્રી જૈન આત્માનંદ સભા**

ઠે. ખારગેટ : **ભાવનગર** : ( સૌરાષ્ટ્ર )

**તા. ક.** : બહાર ગામના ગ્રાહકોને પોસ્ટેજ ખર્ચ અલગ આપવાનો રહેશે.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન ચોવિશીના તારણહાર જિનેશ્વર ભગવંતોના નામોલ્લેખ ઇતિહાસ ઉપર આછેરી નજર....

**સં. મુનિશ્રી હરિભદ્રસાગરજી મ. સા.** (P. H. B.) **લાયજાતીર્થ** કચ્છ

આ અવસર્પિણી કાળમાં તારણહાર **તીર્થંકર** પરમાત્મા ૨૪, ભગવંતો થયા. જેઓ જગતને માટે અસાર એવા સંસારને છોડી મોક્ષ સુખ મેળવવાનો અમુલખ ઉપાય રૂપ **ધર્મ**નો ઉપદેશ દેતા ગયા છે. એ ૨૪ તીર્થંકર પરમાત્માનું ટુંક નામ પરિચય આપણે જોઈએ...

**શ્રી** ઋષભદેવસ્વામી–સર્વ તીર્થંકરોની માતાઓ સ્વપ્નમાં પ્રથમ હાથી દેખે છે, જ્યારે મરુદેવા માતાએ વૃષભ જોયેલો તેથી આપણા પ્રથમ ભગવંતનું નામ ઋષભદેવ અને આદીનાથ પડયું.

**શ્રી** અજિતનાથ – તેઓશ્રીના માત–પિતાને પાસા રમવાની ટેવ હતી. રમતમાં હંમેશા માતા હારી જતા, પણ જ્યારથી તેઓ ગર્ભમાં આવ્યા ત્યયારબાદ કદી હાર્યા નહતા, એથી અજિતનાથ.

**શ્રી** સંભવનાથ – પ્રભુજીની સ્તવના કરનાર આ ભવમાં સુખી થાય છે. પ્રભુજી ગર્ભમાં આવ્યા દુષ્કાળ હતો, પણ ગર્ભમાં આવ્યા બાદ અણધાર્યો વરસાદ વરસ્યો, પૃથ્વી ઉપર ધાન્યનો સંભવ થયો. તેથી આપણા ત્રીજા તીર્થંકર પરમાત્માનું નામ સંભવનાથ.

**શ્રી** અભિનંદનસ્વામી – તેઓ ગર્ભમાં આવ્યાં બાદ માતાને દરરોજ ઈન્દ્ર મહારાજા વંદન કરી જતા તેથી અભિનંદન સ્વામી.

**શ્રી** સુમતિનાથ – ગર્ભમાં આવ્યા પછી માતાને વિવાદમાં સુંદર નિશ્ચય કરાવનારી બુદ્ધિ સુઝી તેથી પ્રભુજીનું નામ સુમતિનાથ.

**શ્રી** પદ્મપ્રભુ સ્વામી – પ્રભુજીની કાન્તિ પદ્મ (કમળ)ના સમુહ જેવી હતી. ગર્ભમાં આવ્યા બાદ માતાને કમળ શય્યા ઉપર સુવાનો દોહદ થયો તેને દેવોએ પૂર્ણ કર્યો, તથા પ્રભુનો દેહ પદ્મ પુષ્પના લાલરંગ જેવો હોવાથી પદ્મપ્રભુ પ્રભુજીનું નામ પડયું.

**શ્રી** સુપાર્શ્વનાથ – જેમના પડખા સુંદર છે, ગર્ભમાં આવ્યા બાદ માતાને પડખામાં કોઢ થયેલો તે મટી ગયો તેથી સુપાર્શ્વનાથ.

**શ્રી** ચંદ્રપ્રભ સ્વામી – ચંદ્રસમાન નિર્મળ કાંતિવાળા તથા ગર્ભમાં આવ્યા પછી માતાને ચંદ્ર પાન કરવાનો દોહદ થયેલ તેથી....

**શ્રી** સુવિધિનાથ – પ્રભુજી દરેક કાર્યમાં પ્રવિણ હતા. ગર્ભમાં આવ્યા બાદ માતા વિશેષ ધર્મારાધનામાં જોડાયેલા. તથા પ્રભુના દાંત પુષ્પ કળી જેવા સુંદર હોવાથી બીજુ નામ પુષ્પ દંત હતું.

**શ્રી** શીતલનાથ – સમગ્ર જીવોના સંતાપને હરનારા. ગર્ભમાં આવ્યા પછી પીત દાહગ્રસ્ત પિતાના શરીર ઉપર માતાએ હાથ ફેરવતાંજ દાહ શાંત થઇ જતાં શીતળતા વ્યાપેલી તેથી શીતળનાથ.

**શ્રી** શ્રેયાંસનાથ – કલ્યાણ કરનારા. કુટુંબમાં થયેલો ઉપદ્રવ શાંત થવાથી અગીયારમાં તિર્થંકરનું નામ શ્રેયાંસનાથ.

**શ્રી** વાસુપૂજ્ય સ્વામી – પ્રભુજી ગર્ભમાં આવ્યા બાદ દરરોજ ઈન્દ્ર રત્નો વડે પૂજા કરતા અને પિતાનું નામ વસુપૂજ્ય હતું તેથી.

**શ્રી** વિમલનાથ – જેમનાં જ્ઞાનાદિ ગુણો નિર્મલ છે. કર્મમળ રહિત છે. પ્રભુજી ગર્ભમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આવ્યા બાદ માતાનું શરીર તથા મતિ નિર્મળ થયેલ તેથી તેરમાં પરમાત્માનું નામ વિમલનાથ

શ્રી અનંતનાથ – જેમના અનંત જ્ઞાન-દર્શનાદિ ગુણો પ્રગટયા છે, ગર્ભમાં આવ્યા બાદ માતાએ ગામમાં ફેલાયેલા તાવના ઉપદ્રવને દૂર કરવા અનંત ગાંઠોવાળો દોરો બાંધ્યો. તેમજ અનંત સંખ્યાવાળી રત્નની માળા જોઇ તેથી અનંતનાથ.

શ્રી ધર્મનાથ પ્રભુ – દુર્ગતિમાં પડતા જીવોને ધારણ કરે તે ધર્મ. એવા ધર્મનાનાથ પ્રવર્તક શ્રી ધર્મનાથ સ્વામી,

શ્રી શાંતિનાથ – સર્વત્ર શાંતિ કરનારા. ગર્ભમાં આવ્યા બાદ દેશમાં ફેલાયેલ મરકીનો ઉપદ્રવ ગર્ભવંત માતા અચિરાદેવીએ અમૃત છાંટી શાંત કર્યો તેથી શ્રી શાંતિનાથ.

શ્રી કુંથુનાથ ભગવંત – ગર્ભમાં આવ્યા બાદ માતાએ સ્વપ્નામાં પૃથ્વી ઉપર કુંથુઆ સમાન ઝીણા રત્નોનો ઢગલો જોયેલો, તથા પ્રભુના જન્મ પછી કુંથુઆ જેવા નાના નાના જીવોની જયણા પાળવાની પ્રવૃત્તિ થઈ એટલે શ્રી કુંથુનાથ ભગવંત.

શ્રી અરનાથ પ્રભુ – ગર્ભમાં આવ્યા બાદ પ્રભુની માતાએ સ્વપ્નમાં રત્નમય આરો (પોળ) જોયેલ તેથી અરનાથ.

શ્રી મલ્લીનાથ સ્વામી – પરિષહોરૂપ મહામલ્લોને હરાવનાર, કષ્ટોને દૂર કરનાર, ગર્ભના મહિમાથી માતાને સર્વઋતુઓના સુગંધી પુષ્પ યુક્ત શય્યામાં સૂવાનો દોહદ થયેલ. તે દેવે પૂર્ણ કરેલ. તેથી મલ્લિનાથ સ્વામી.

શ્રી મુનિસુવ્રત સ્વામી – જગતની ત્રિકાળ અવસ્થાને સારી રીતે જાણનાર, સુંદર વ્રતોવાળા. ગર્ભના પ્રભાવે માતાએ મુનિના જેવા સુંદર વ્રતો ગ્રહણ કર્યા તેથી મુનિસુવ્રત સ્વામી.

શ્રી નમિનાથ ભગવંત – ઉપસર્ગાદિ જેને નમ્યા છે એવા તથા ગર્ભમાં આવ્યા બાદ રાજમાતાના તેજસ્વી મુખદર્શનથી શહેર પર ચડી આવેલા શત્રુઓ નમી પડયા, અને ચાલ્યા ગયા તેથી એકવીશમાં તિર્થપતિનું નામ નમિનાથ.

શ્રી નેમિનાથ ભગવંત – પાપ રહિત એવા અરિષ્ટ નેમિ. ધર્મરૂપ ચક્રની મર્યાદા કરનારા, કરોડો દેવ ઇન્દ્રો-રાજાઓ દ્વારા નમન કરાયેલ તથા ગર્ભ પ્રભાવે માતાએ ઉંચા ગગને ઉછળતું તેજસ્વી ચક્ર દીઠેલ એવા અરિષ્ઠ નેમિનાથ.

શ્રી પાર્શ્વનાથ સ્વામી – સમગ્ર ભાવોના જાણકાર. એક અંધારી રાતે પ્રભુની માતાએ નજીકમાંથી જતા કાળા સર્પને જોઈ વચમા રહેલો રાજાનો હાથ ઉંચો કર્યો તેથી રાજાએ જાગ્રત થઇ દીપક મંગાવી કાળા ભમ્મર સર્પની ખાત્રી કરી. ગર્ભના પ્રભાવે રાણીની-માતાની દૃષ્ટિ તેજ બની અને ધર્મ નજીક રહ્યા તેથી શ્રી પાર્શ્વનાથ.

શ્રી મહાવીર સ્વામી – આપણા છેલ્લા તીર્થંકર શ્રી વર્ધમાન મહાવીર સ્વામી. દેવોદ્વારા પરીક્ષા કરાયેલા, તથા એ પરીક્ષામાં શુરવીરતાપણું દાખવનાર, દેવદ્વારા અપાયેલ નામ દુનિયાના પરાક્રમી તો વીર પણ આપ મહાવીર. ચરમ તીર્થપતિનું શાસન હજી ચાલી રહ્યું છે ને ભવિષ્યમાં ૧૮।। હજાર વર્ષ સુધી ચાલશે. તેઓશ્રીએ અનેક ઉપસર્ગો સંકટો સહન કરેલા તેથી મહાવીર કહેવાયા. ક્ષત્રિયકુંડ નગરના મહારાજા સિદ્ધાર્થને ત્રિશલા મહારાણીના પુત્ર રત્ન હતા.

## ક્ષમા યાચના

આ માસિક અંકમાં કોઇ અશુદ્ધિ રહી ગઈ હોય અથવા કોઇ ક્ષતિ, મુદ્રણ દોષ હોય તો તે માટે મનસા, વચસા, મિચ્છામિ દુક્કડમ્.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સતી સુરસુંદરી



લેખક:- પ.પૂ.આ.શ્રી વિજય અમૃતસુરીશ્વરજી મ.સા.
ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી હાલવિજયજી મ.સા.

(ગતાંકથી ચાલુ)

શરણાઇના સુરો ગુંજી ઉઠયાં. ઢોલનગારા ગડગડયાં. માંડવે લીલા તોરણો બંધાયા. સાજન માજન આનંદને હિલોળે ચઢયાં છે. કુશાગ્રપુર નગરમાં લગ્નનો ઉત્સવ ઉજવાઈ રહ્યો છે. ધનવાહનની પુત્રી કમલાવતીનું પાણીગ્રહણ કરવા હસ્તિનાપુરનો રાજા અમરકેતુ કુશાગ્રપુરમાં ઘોડે ચડીને આવ્યો છે. ધવળ મંગળ ગીતોથી માંડવો ગાજી ઉઠયો છે. મંગલ મુહૂર્તે લગ્નવિધિ થઇ. અંતે નિમિત્તજ્ઞની ભવિષ્યવાણી સાચી ઠરી. રાજા અમરકેતુ અને કમલાવતી હસ્તિનાપુર આવી પહોંચ્યાં નગરજનોએ ભાવભર્યું સ્વાગત કર્યું.

કુશાગ્રપુરની રાજકુંવરીના લગ્ન પછીની વિદાય તેની સખી શ્રીકાંતાને અકળાવી રહી હતી. કમલાવતીની સાથે પડછાયાની જેમ સાથેને સાથે રહેનાર સુખમાં ને દુઃખમાં સાથ આપનાર શ્રીકાંતાની આંખના આસુ સુકાતા નથી. તેના પિતા સાગર શ્રેષ્ઠિએ કહ્યું બેટા આજે નહિ તો કાલે છૂટા તો પડવું જ પડશે આજે તારી સખીથી તારે જુદા પડવું પડે છે. કાલે મારાથી પણ જુદા થવું પડશે. અંતે સ્ત્રી તો પરાયુ ધન છે. બેટા શાંત થા. હવે તો તું મોટા થઇ છે, કાલ વારે પોતાને સાસરે જવાનો સમય આવશે અને ઘરની જવાબદારીનો ભાર આવશે. પિતાના હિતવચનોએ શ્રીકાંતાના મનને શાંત કર્યું.

સાગરશ્રેષ્ઠિના હૈયામાં પણ શ્રીકાંતાની ચિંતા સતાવ્યા કરતી હતી. તેણે નિમિત્તજ્ઞને બોલાવીને પોતાથી પુત્રીના લગ્ન સંબંધી પ્રશ્ન પૂછયો. નિમિત્તજ્ઞએ ખુબજ વિચાર કરીને જણાવ્યું કે હે શ્રેષ્ઠિવર્ય ! તમારી પુત્રીને એક કાળો ઝેરી સર્પ કરડશે. અને તેના ઘણા ઉપાયો કરવા છતાં કોઈ દવા ઉપચારોથી ઝેર નહિ ઉતરે પણ...કોઇ એક પુરૂષ દ્વારા તેના પુણ્ય પ્રભાવથી શ્રીકાંતાનું ઝેર ઉતરશે. અને તે ઝેર ઉતારનાર જ આપની પુત્રીનો સ્વામી બનશે. આ રીતે નિમિત્તજ્ઞની ભવિષ્યવાણી સાંભળી આશ્ચર્યમાં ડુબેલા રાજાએ સ્વસ્થ થઈ ભાવિભાવ જે બનવાનું હશે તે બનશે તેમ જાણીને નિમિત્તજ્ઞનો યોગ્ય સત્કાર કરી વિદાય આપી પોતાની પ્રવૃત્તિમાં લાગી ગયાં.

હસ્તિનાપુરના મનોરમ ઉદ્યાનમાં વાવને કાંઠે એક પુરૂષ દુઃખથી વ્યગ્ર બનેલો આંખમાંથી આંસુ સારતો બેઠો હતો જાણે ઉપર આભ અને નીચે ધરતી, હતાશા અને નિરાશામાં માનવીની બુદ્ધિ કામ આપતી નથી. નિરૂપાયે નિરાધાર દશામાં બેઠેલા તે પુરૂષને જોઇને એક તેજસ્વી યુવાન તેની પાસે આવ્યો, તેણે નિરાશ થયેલા પુરૂષને કહ્યું, ભાઇ....શા માટે રડો છો એવુ તો શુ દુઃખ છે? મને જણાવો તો હું મારાથી બનતું બધુ કરી છૂટીશ

પુરૂષે-યુવાન સામે જોઇને કહ્યું, "ભાઈ તું મારા દુઃખને જાણીને શું કરીશ. મારા દુઃખરૂપ દર્દની દવા તું શું કરી શકવાનો છે!" ભલે હું ના કરી શકું પણ મને તમારી વાત કરો પછી મારાથી જે બનશે તે હું કરીશ. નિરાશામાં આશાનું એક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કિરણ પ્રકાશે તેમ પુરૂષને યુવાન પર શ્રદ્ધા બેઠી અને તેણે પોતાની વાત શરૂ કરી.

હે પુણ્યેશ ! હું દેવશર્મા છું. સિંહગૃહા નામની પલ્લીનો અધિપતિ એક સુપ્રતિષ્ઠ છે. તેનો એકનો એક પુત્ર જયસેન અને હું રમાડતો હતો, એટલામાં બે જટાધારી જોગીઓ આવી ચઢયાં, કશું જ બોલ્યા ચાલ્યા વગર તેઓ જયસેનને મારી પાસેથી ઝૂટવીને ઝાડીમાં કયાંય નાસી છૂટયાં. હું પાછળ દોડયો પણ તેઓ હાથ ન આવ્યા.

છતાં પગલાને અનુસરતો હું એક અટવીમાં પહોંચ્યો. તે વખતે તો સૂર્ય પણ થાકીને પશ્ચિમ ક્ષિતિજની પથારીએ પોઢી ગયો હતો. છતાં નીરવ શાંતિમાં બે યોગીની વાતચીત મને સંભળાઇ. તે દીશામાં આગળ વધી એક બાજુ છૂપાઇને હું સાંભળતો હતો. તેઓની વાતચીત ઉપરથી એમ લાગ્યું કે બાળક જયસેનનો એક જક્ષિણીની સિદ્ધ વિદ્યા સાધવા માટે ભોગ દેવાનો હતો. આ વાત સાંભળતા જ હું ધ્રુજી ગયો. પણ હું એકલો તેમની પાસે કેવી રીતે જઈ શકું પણ આજે સાત સાત દિવસ થયા હું અને જયસેન અહીં કેદી તરિકે સપડાઈ ગયા છીએ પણ.... પણ.... એક નીસાસો નાખતા પુરૂષ આગળ બોલી શકયો નહિ. આગંતુક યુવાનનું લોહી ઉકળી ગયું. તેણે પ્રાણના ભોગે પણ જયસેનને બચાવવા તૈયારી બતાવી દેવશર્માની વાત સાંભળીને તે તુરત જ વડલાની ઘટામાં આવી પહોંચ્યો. એક યોગીને કુમાર જયસેન બેઠા હતાં. ત્યાં પહોંચ્યો. યોગીની મુખમુદ્રા જોઇને યુવાનને થયું કે આ યોગી છે કે નરભોગી યોગીના રૂપમાં કુમળા બાળકનો ભોગ દેવા તૈયાર થયો છે. તે પહેલા જ મારે કાંઇક કરવું પડશે. યુવાન અંદરથી ઉકળી ગયો હતો. છતાં શાંતિને ધારણ કરતો અને કળથી કાર્ય સિદ્ધ કરવાનો પ્રયત્ન કરતો યોગીને ઉદ્દેશીને બોલ્યો, હે યોગી-રાજ ! આ બાળકને જોઈ મારા અંતરમાં તેના પ્રત્યે ભ્રાતૃત્વનું વાત્સલ્ય ઉભરાય છે. તમે જે માંગો તે આપવા તૈયાર છું પણ આ બાળક મને સોંપી દ્યો. યોગી–યુવાનની વાત પર લલચાયો અને વિચારવા લાગ્યો કે મારો સાથી બજારમાં ગયો છે. તે આવે તેના પહેલા મારૂ કાર્ય સધાતુ હોય તો શો વાંધો છે ? મનમાં નક્કી કરીને યોગી બોલ્યો. બીજો સાથીદાર આવે તે પહેલા એક લાખ સોનૈયા આપો તો બાળક સોંપી દઉં. તકનો લાભ લઇ યુવાને પોતાના હાથમાંથી મુદ્રિકા કાઢીને યોગીના હાથમાં ધરી યોગી રાજીરેડ થઈ ગયો. તેણે બાળક સોપી દીધો અને યોગીતો બીજુ કાંઈ પણ વિચાર્યા વગર ત્યાંથી ચાલતો થયો.

ભાઈ દેવશર્મા ! હવે આ બાળકને તમે સંભાળો હવે તમે બંને સ્વતંત્ર છો. મુક્ત છો ચાલો જલદી હવે તમે મારે આવાસે બંને જણા મારે ત્યાં ભોજન લઇને પછી ખુશીથાં પલ્લી તરફ જજો.

એ યુવક બીજો કોઇ નહિ પણ ગામના પ્રતિષ્ઠિત ધનવર્માનો પુત્ર ધનદેવ હતો. ધનદેવે બાળકને બચાવી લીધો. આ સઘળી બીના ધીમે ધીમે આખા ગામમાં પ્રસરી ગઇ. ધનદેવની પ્રસંસા આખા ગામમાં ઘરે ઘરે થવા લાગી.

(ક્રમશ)

---

**આદિ નામ પારસ અહૈ** મન મૈલા લોહ,
  પરસત હી કંચન ભયા છૂટા બંધન મોહ.
આદિ નામ નિજ સાર હૈ બૂઝિ લેહુ સો હંસ,
  જિન જાન્યો નિજ નામ કો અમર ભયો સો બંસ.
આદિ નામ નિજ મૂલ હૈ મંત્ર સબડાર,
  કહ કબીર નિંજ નામ બિનુ બૂડી મૂઆ સંસાર.
નામ રતન ધન પાઇ કૈ ગાઠી બાંધી નખોલ,
  નાહી પન નહીં પારખૂ નહિ ગ્રાહક નહિ મોલ.

લે. **સંત કવિ કબીર**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનોવૃત્તિઓ તેમનું માર્ગાન્તરીકરણ

લેખક : 'શાર્દૂલ' મુનિશ્રી મોહનલાલજી

માનસ-શાસ્ત્રીઓની અદ્યતન સંશોધન અનુસાર માનવીઓની સમગ્ર પ્રવૃત્તિઓનું કેન્દ્ર મનોવૃત્તિઓ છે.

સર્વ પ્રથમ વૃત્તિઓમાં સૂક્ષ્મ પરિસ્પન્દન થાય છે. પછી તે પુષ્ટ બનીને પ્રવૃત્તિઓના જનક, સંચાલક સંરક્ષક અને વિકાસક બને છે. વૃત્તિઓના ઉન્મેષ પર પ્રવૃત્તિઓનો પરિવેષ આધારિત બને છે. વૃત્તિઓના બીજમાં, તે કઇ દિશામાં વળશે તથા કેવા પ્રકારનું સ્વરૂપ ધારણ કરશે-તે અંતર ગર્ભિત રહે છે.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિના યોગશાસ્ત્રમાં, મહર્ષિ પતંજલિના યોગદર્શનમાં, આચાર્ય તુલસીના મનોનુશાસનમાં, યુવાચાર્ય મહાપ્રજ્ઞજીના ચેતનાનું ઊર્ધ્વારોહણ આદિ ગ્રંથોમાં વૃત્તિઓના પ્રકાર, વૃત્તિઓની શુદ્ધિકરણની પ્રક્રિયા, વૃત્તિવિલય આદિ બાબતો પર માર્મિક વિશ્લેષણ મળી આવે છે.

## વૃત્તિઓનો પ્રભાવ :-

જીવનના સર્વાંગી વિકાસ અને તેના સમસ્ત ક્રિયાકલાપોમાં વૃત્તિઓજ મુખ્ય ભાગ ભજવે છે. જે તરફ વ્યક્તિની વૃત્તિઓ ઉત્સુક રહે છે તે તરફ તેનો જીવન પ્રવાહ વળે છે. માનસિક, શારીરિક, અને વ્યાવહારિક સર્વ ક્રિયાઓ ઉપર વૃત્તિઓની ઘેરી અસર હોય છે. વૃત્તિઓને વિકૃત કરતાં વ્યક્તિ મામૂલી બને છે અને વૃત્તિઓને પરિષ્કૃત કરવાથી વ્યક્તિ મહાન બને છે.

વૈજ્ઞાનિક પરીક્ષણ દ્વારા સંપૂર્ણતઃ સિદ્ધ થયું છે કે ઇર્ષા, ચિંતા, ભય, ઉત્તેજનાના તીવ્ર આવેગોથી વ્યક્તિ માનસિક અને શારીરિક રૂપમાં રોગી બની જાય છે, પ્રતિપળ ચિંતામાં મગ્ન રહેનારી વ્યક્તિને અલ્સર થાય છે, ભયભીત રહેનારની પાચન ક્રિયા મંદ બને છે. રસ સ્રાવ બંધ થાય છે અને નાડી-જાલ સૂકાય છે. નિંદનીય વૃત્તિઓથી કેન્સર જેવા અસાધ્ય રોગ જન્મે છે.

## વૃત્તિનો અર્થ :-

બદ્ધ ચેતનાની પરિણતિ એટલે વૃત્તિ. એ પરિણતિયો વિભિન્ન હોય છે. ચેતનાનું શુદ્ધસ્વરૂપ ન હોવાથી, એ ભ્રામક અને ચંચળ પરિણતિઓ ઉભરે અને મિટે છે, તેમની પાછળ મૌલિક કારણ હોય છે. પૂર્વ જન્મના કર્મ યા આત્મ સંસ્કાર તેમની નિષ્પત્તિના મૂળ નિમિત્ત બને છે. આ અપેક્ષાએ વૃત્તિના નિયંત્રણ માટે કર્મ-નિરોધ અને પરિશોધ આવશ્યક છે, **બીજ ન હોય તો ફળ ન હોઇ શકે.** વૃત્તિઓ બીજ પણ છે અને ફળ પણ છે. તેઓ પૂર્વ આત્મ-સંસ્કારોના ફળ છે અને નવા બંધનોના બીજ છે.

## વૃત્તિમાં પ્રવૃત્તિ :-

વૃત્તિ સજાગ બનતાં જ તેમાં પ્રવૃત્તિના રંગ ચમકવા લાગે છે. વૃત્તિ બીજ-રૂપમાં પ્રવૃત્તિની રૂપરેખા પોતામાંજ સમેટી લઈને ઉભરતી હોય છે. વૃત્તિઓના બીજ અવચેતન મનની મિટ્ટીમાં દબાયેલા રહે છે. પરિસ્થિતિ સ્વરૂપ જલ અને હવાનો સહેજ સંયોગ મળતાં જ અંકુરિત બને છે. કોઈ પણ વૃત્તિ નિકૃષ્ટ નથી હોતી. દરેક વૃત્તિમાં સૂક્ષ્મ અથવા સ્થૂલ પ્રવૃત્તિના પ્રાણ સમાયેલા હોય છે. અને તે પ્રત્યક્ષ અથવા પરોક્ષમાં સાકાર બને છે.

## ત્રણ પ્રયોગ :-

બીજોની માફક વૃત્તિઓના સંબંધમાં પણ મનોવિજ્ઞાનના નિષ્ણાતોએ ત્રણ પ્રકારના ઉપક્રમ પ્રસ્તુત કરેલ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

(૧) દમન (૨) માર્ગાન્તરીકરણ (૩) વિલય.

**દમન**–Suppression–મહદ્ અંશે આ પ્રયોગ અજમાવવામાં આવે છે, કેમકે તે સુગમ, સુકર અને સરળ છે. અધિક લોકો વૃત્તિઓને છૂપાવવાનું અને દબાવવાનું ઉપયુક્ત માને છે. અન્દરમાં તેમને રોકી રાખવાનો ઉપાય શોધે છે. પરંતુ બળપૂર્વક વૃત્તિઓને દબાવી રાખી શકાતી નથી. જબરદસ્તીથી તેમનું દમન કરવામાં આવે તો તેઓ ભારી વિપત્તિઓની ઉત્પાદક બને છે. દમન-વૃત્તિઓના અંતરંગમાં મહાન પ્રચંડ પ્રતિક્રિયા (re–action) હોય છે. વૃત્તિઓનું અધિક દમન મનમાં ઉન્માદ ઉત્પન્ન કરે છે. સમય જતાં, તે દૂસરા માર્ગ દ્વારા વિકૃત અને ઘાતક બની, નિકળવા પ્રયત્ન કરશે. દરમાં સર્પને અથવા શરીરમાં રોગને કેટલો સમય રોકી શકાય? અંતે તો તે ખૂંખાર બનીને બીજે રસ્તે નિકળી પડે છે. રોગને અંગર રોકવાની ક્રિયા બીજા રોગને નિમંત્રણ દેનારી બને છે. તેમજ વૃત્તિઓને દમન કરનારી પ્રક્રિયા કદાપિ લાભદાયક બનતી નથી.

માર્ગાન્તરીકરણ :- બીજી પ્રક્રિયા.

Canalisation—નદીના પ્રવાહને નષ્ટ કરી શકાતો નથી. પરંતુ તેનું વહેણ બદલી શકાય છે. વિનાશ તરફ વહેતા જલ-પ્રવાહને વિકાસની દિશામાં પ્રવાહિત બનાવી મહાન લાભ મેળવી શકાય છે, વૃત્તિઓના રૂપાન્તરણથી સઘળું રચનાત્મક અને આનન્દદાયક બને છે, જે વિધ્વંશાત્મક ( Destructive ) અને ક્લેશપ્રદ છે, તે માર્ગાન્તરીકરણથી રચનાત્મક (Constructive) અને સરસ શાન્તિદાયક બને છે. અશુભ-શુભમાં અને અશ્રેયસ્કર-શ્રેયસ્કરમાં પરિણમે છે.

માર્ગાન્તરીકરણના ઘણા લાભ છે. પરંતુ સ્થૂલ પદાર્થોની રૂપાન્તર-પ્રક્રિયા જેટલી સુગમ છે તેટલી સૂક્ષ્મ પ્રવૃત્તિઓની પરિવર્તન-પ્રક્રિયા જટિલ અને ક્લિષ્ટ છે. એકાગ્રતા, દઢ સંકલ્પ અને નિરન્તર અભ્યાસ દ્વારા માર્ગાન્તરી કરણનો પ્રશસ્ય પંથ બની શકે છે.

## ત્રીજો પ્રયોગ છે વૃત્તિ વિલયનો :-

વૃત્તિ-ક્ષય તો સર્વોપરી છે. વૃત્તિયોનું પૂર્ણ રૂપમાં ક્ષયીકરણ કરવાથી પરમ શાન્તિ મળે છે. વૃત્તિઓ ક્ષય પામતાંજ ફક્ત શાન્તિ જ રહે છે. બીજા તમામ દ્વન્દ્વો નષ્ટ બને છે. સમગ્ર ઉતાર-ચઢાવની, નિમ્ન-ઉન્નત ભાવોની પૂરી ધારા તૂટી જાય છે.

વૃત્તિયો વિવિધ સંવેદનો ઉત્પન્ન કરે છે. આનંદ અને વિષાદને જન્મ આપે છે. પ્રિયતા અને અપ્રિયતાને ઉભરાવે છે. સંગ્રહભાવની લલક જગાવે છે ભોગની લપટ ઉઠાવે છે, દુનિયાની સમૂચી ક્રિયાઓ અને પ્રતિક્રિયાઓના તાણાવાણા ગુંથે છે. વૃત્તિઓના વિલયીકરણ સાથે જ **ચેતના** પરમ શુદ્ધ બને છે, આત્મા બંધનથી મુક્ત બની, અક્ષય સુખને પામે છે.

## વૃત્તિઓની સંખ્યા :-

સંખ્યા બાબતમાં જુદા જુદા મત છે. જૈન-આગમ-સ્થાનાંગ સૂત્રમાં આહાર, સંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ ( સંગ્રહ ) સંજ્ઞા-એ ચાર મૌલિક મનોવૃત્તિઓ માની છે. પ્રજ્ઞાપના અને સમવાયાંગ સૂત્રમાં ૧૦ અને અભિધાન રાજેન્દ્ર ખંડ ૭ પાનું ૩૦૧માં ૧૬ વૃત્તિઓનો ઉલ્લેખ છે.

આધુનિક પાશ્ચાત્ય મનો વૈજ્ઞાનિકોએ ૧૪ મૂળ વૃત્તિઓનો સ્વીકાર કર્યો છે જ્યારે કેટલાકે આ સંખ્યા ૧૬ સુધી પહોંચાડી છે.

## માર્ગાન્તરી કરણ :-

નવા સંશોધન મુજબ ૧૬ મૌલિક વૃત્તિઓ મનોવૈજ્ઞાનિકોએ સ્વીકૃત કરી છે.

**(૧) જિજ્ઞાસા-કુતૂહલવૃત્તિ** :- આ વૃત્તિને ભૌતિક પદાર્થોના નિષ્ફળ જ્ઞાનથી તેમજ વ્યર્થ બાબતોની જાણકારીની લલકથી હટાવી પરમ સત્ય, આત્મા, બન્ધ, મોક્ષ, સૃષ્ટિ સ્વરૂપ અને કર્મ આદિ ધારાઓ તરફ વાળી શકાય છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**(૨) સંગ્રહવૃત્તિ** :- લોભ અને મોહ વશ બની, ક્ષણિક વસ્તુઓ અને વિનશ્વર વસ્તુઓના સંગ્રહભાવથી દૂર કરી, જ્ઞાન, શ્રદ્ધા, સંકલ્પ, ચારિત્ર્ય આદિ આદર્શ ગુણો અથવા યૌગિક શક્તિઓના સંયોજનમાં પ્રયુક્ત કરી શકીએ.

(૩) **જુગુપ્સા વૃત્તિ** :- કોઈ વ્યક્તિ તરફ ઘૃણા અને તેની બુરાઈ કરવાને બદલે, દુર્ગુણ અને દુર્વ્યસનોના ત્યાગમાં અથવા તામસિક ચિંતન કુત્સિત અધ્યયન વિરુદ્ધ જોડી શકીએ.

(૪) **આહાર અન્વેષણ વૃત્તિ** :–આને ફક્ત શરીર માટે ભોજન પૂરતી સીમિત ન રાખીએ. દિમાગ માટે પવિત્ર વિચાર, જનસેવાર્થ યોજના સત્યાસત્યના નિશ્ચય, શાંતિ, પવિત્રતાના અન્વેષણમાં ઘુમાવી શકીએ.

(૫) **નિગ્રહવૃત્તિ** :–બુરી આદતો તથા નિકૃષ્ટ વિચારો અને દૂષિત સંસ્કારોને નિગૃહિત કરી ઉત્તમ બનાવવાના રૂપમાં બદલી શકીએ. અધમ ભાવોને રોકવામાં યોજી શકીએ. આત્મ નિયંત્રણમાં પ્રયુક્ત કરી શકીએ.

(૬) **પલાયનવૃત્તિ** :- જીવનની જટિલતાથી નાસભાગ ન કરતા. અશિષ્ટ વ્યવહાર તથા નિન્દ્ય આચરણોથી પલાયનના સ્વરૂપમાં તેને પરિવર્તિત કરો અને નિન્દ્ય કુત્સિત કાર્યોથી અપને આપ બચાવો.

(૭) **રચના યા નવનિર્માણ વૃત્તિ** :- આ વૃત્તિને દિવ્ય સૃષ્ટિની રચનામાં અથવા જીવનના સર્વતોમુખી નિર્માણમાં તથા આધ્યાત્મિક અને રચનાત્મક આનંદની પ્રાપ્તિમાં પ્રયોગ કરી શકાય. ક્ષણિક નિર્માણનો મોહ તોડીને અમર નિષ્પત્તિમાં ઉપયોગ થઈ શકે.

(૮) **સામાજિક અથવા યૂથ વૃત્તિ** :- આ વૃત્તિને મનુષ્ય શ્રેયકારી સત્સંગ કરીને અથવા સ્વસ્થ સામાજિક સંગઠનમાં પ્રેમપૂર્વક રહીને પવિત્ર સંકલ્પમાં પ્રયુક્ત કરી પોતાના એકાકીપણાને હટાવી શકે છે અથવા સામુદાયિક ભાવને મહસૂસ કરી શકે છે.

(૯) **આત્મપ્રકાશન યાને અહંભાવ વૃત્તિ**:- આ વૃત્તિને કોઈ મહત્વપૂર્ણ કાર્યમાં પ્રયુક્ત કરી, અદ્ભૂત ક્ષમતાની અભિવ્યક્તિ અર્પીને સર્વોત્તમ આત્મ-ખ્યાપન કરી શકાય છે. હું સર્વથા અભિનવ સુજન કરી શકું છું. હું મારા ભાગ્યનો વિધાતા છું—એવી દૃષ્ટિથી ઉત્કૃષ્ટ કલાકૃતિનું નિર્માણ કરીને શુદ્ધ આત્મ પરિચય આપી શકાય છે.

(૧૦) **અનુવર્તન યા અધીનતા વૃત્તિ** :- આ વૃત્તિને મનુષ્યો મહિમાવંત અને ગરિમાપૂર્ણ વ્યક્તિઓના અનુસરણમાં, ગુણવાન પાસેથી ગુણ શીખીને, શ્રેષ્ઠ જનોને સન્માન દેવામાં પ્રયુકત કરી શકે છે. એ રીતે પોતાના ગુરુજન તથા પૂજ્યોના માર્ગ નિર્દેશનમાં ચાલીને પ્રતિષ્ઠિત બની શકે છે.

(૧૧) **હાસ્ય વૃત્તિ અથવા ક્રીડાવૃત્તિ** :- આ વૃત્તિનો વ્યાપક પ્રયોગ કરીને, દુનિયાને એક વિશાલ નાટકનું સ્વરૂપ આપીને, સદા આનન્દિત કે હર્ષિત રહી શકીએ. દુન્યવી પ્રત્યેક કર્મને નાટકના એક પાર્ટ (વેષ) માનીને ખેલ માફક સહજ અને સાધારણ બનાવી શકાય. વિષમ પરિસ્થિતિને સરળતાથી પાર કરી શકાય.

(૧૨) **સહાનુભુતિ વૃત્તિ** :- આ દ્વારા, દુખિયાના દુઃખ દૂર કરીને, વ્યસનાસક્ત વ્યક્તિઓને દુર્વ્યસનોના સંકજામાંથી છોડાવી, અપકાર કરનાર ઉપર ઉપકાર કરીને તથા પોતાના સ્વભાવમાં દયાભાવ સતેજ બનાવી શકાય છે.

(૧૩) **અનુકરણ વૃત્તિ** :- આ વૃત્તિનો પ્રયોગ, માનવી મહાત્માઓની દિવ્યતા કે મહત્તાને પોતાનામાં પ્રાપ્ત કરાવી, તેમની જેમ સાદું જીવન અને ઉચ્ચકક્ષાની વિચાર શ્રેણી રચીને કરી શકે છે. યોગીના અનુકરણથી મનુષ્ય યોગી બની શકે, સજ્જનનું અનુકરણ કરી સજ્જન કે સત્પુરુષ

( અનુસંધાન પાના ૨૧૬ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આરામ શોભા

વ્યાખ્યાનકાર પ. પૂ. આચાર્યશ્રી વિજયનયપ્રભસૂરિજી મ. સા.

( ગતાંકથી ચાલુ )

તે મંત્રી કન્યા પાસે ગયો ને કહેવા લાગ્યો કે, " હે મનોહર મુખવાળી કન્યા! તારી ગાયો હું પાછી લાવી આપું છું. તું દોડતી નહીં કારણ કે તારી સાથે વન દોડવાથી અમારા રાજા તેમજ સકળ સૈન્ય ભયભીત થાય છે માટે તું પાછી વળ. તારા વળવાથી વન વળશે. હાથી–ઘોડા અમને મળશે અને સર્વ સૈનિકો શાંત થશે." આ સાંભળી વિદ્યુતપ્રભાને દયા આવી તેથી તે પાછી ફરી સાથે સાથે વન પણ મુકામે આવ્યું. રાજાના આદેશથી તેના સુભટો ગાયો પાછી લાવ્યા અને બધે શાંતિ સ્થપાઈ. પછી પ્રધાને કહ્યું, " હે પ્રજાપતિ! આપે જે અદ્ભૂત ઘટના દેખી તે આ કન્યાના માહાત્મ્યનો પ્રતાપ છે." રાજા વિચારે છે કે આ કેઇ સ્વર્ગથી ઉતરેલી દેવી તો નહિ હોય? અથવા કોઈ નાગકન્યા હશે? અસુર કન્યા હશે? નહીતર જ્યોતિષી દેવી હશે? પણ રાજાએ થોડી જ વારમાં તેના શારીરિક લક્ષણોથી નિશ્ચય કર્યો કે આ માનુષી જ છે પણ દેવી નથી. વળી દુર્બળ શરીરના ચિન્હો પરથી એવો નિશ્ચય કર્યો કે તે કન્યા કુમારી જ છે. એમ ધારી કપટ રહિત તે રાજા તેના પર અનુરાગી થયો, ભૂપતિના ભાવ જાણી પ્રધાને કન્યાને કહ્યું, " હે ભદ્રે! આ જિતશત્રુ રાજા સાથે લગ્ન કરી તારા જન્મને કૃતાર્થ કર." ત્યારે કન્યા શરમાઇ ગઇ. એની દૃષ્ટિ ભૂમિમાં કાંઈક શોધવા લાગી નીચે મુખે તે બોલી, " હે મંત્રીશ્વર! જે તમે કહો છો તે યોગ્ય છે પણ સ્વમુખે વિવાહની વાતો કુળવાન કન્યાને ન છાજે. માટે પાસેના ગામમાં અગ્નિશર્મા નામના મારા પિતા રહે છે તેમને પૂછો." પછી રાજાની અનુમતી લઈ તે પ્રધાને અગ્નિશર્મા પાસે જઇને રાજા માટે તેની કન્યાની માંગણી કરી. તે સાંભળી અગ્નિશર્મા ખુશી થયો.

બીચારો બ્રાહ્મણ! સ્વપ્નમાં પણ સાંભળવા ન મળે તેવી વાત સાંભળી હર્ષઘેલો બન્યો. અને નિખાલસ પણે કહ્યું.

હે મંત્રીશ્વર! મારા પ્રાણ પણ રાજાને અધીન છે તો પછી અન્ય બાબતનું પૂછવું જ શું?" વિપ્રને રાજા જેવા જમાઈ મળે તે વાત ચિંતામણિ રત્ન સમાન લાગી.

એક ક્ષણનો વિલંબ વગર, વિદ્યુતપ્રભાને લઈને આશીર્વચન કહી, ઉચિત આસને બેઠો તે સમયે પ્રધાને વિપ્રના શબ્દો કહી સંભળાવ્યા. કાલક્ષેપ અસહ્ય બનવાથી, નૃપતિએ તાત્કાલિક બ્રાહ્મણ સમક્ષ કન્યા સાથે ગાંધર્વ લગ્ન કર્યા વિદ્યુતપ્રભાના મસ્તક ઉપર નંદનવન શોભતું હોવાથી, રાજાએ તેનું નામ આરામ શોભા રાખ્યું. વિપ્રને શ્વસુર બનાવ્યાથી, નૃપતિએ તેને બાર ગામ બક્ષિસમાં આપ્યા.

રાજાએ આરામ શોભાને હસ્તિપર બેસાડી નગર તરફ પ્રયાણ કર્યું. તે સાથે જ અતિશય શોભાયમાન ઉદ્યાન પણ છત્રની પેઠે તેઓ સાથે આકાશમાર્ગે ચાલવા લાગ્યું. નૃપતિ સીમાડા તક પહોંચ્યા તે પહેલાંજ નગરને સુંદર રીતે શણગારવામાં આવ્યું હતું. રાણી સાથે રાજાએ નગર પ્રવેશ કર્યો.

નંદનવનની અતિશયતા નિહાળી જનતા વિસ્મય ચકિત બની. નર–નારીઓ અંદર અંદર વાતો કરવા લાગી, " ધન્ય છે આ નૃપતિને. ખરેખર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ પ્રભાવ તેના પૂર્વ ઉપાર્જિત પુણ્યનું જ ફળ છે. મોટા માંધાતા ચક્રવર્તી કે વાસુદેવ આવી સમૃદ્ધિ પામ્યા હોય તેમ ક્યાંય વાંચવામાં આવ્યું નથી. જુઓ તો ખરા! ઊંચે આકાશમાં આધાર રહિત, નજરે પડતું નંદનવન! ફળફૂલથી લચી પડેલાં વૃક્ષો! પ્રબળ પુણ્યનો ઉદય હોય તોજ આવી સમૃદ્ધિ સાંપડે

આ પ્રમાણે લોકોના વિવિધ વાર્તાલાપ સાંભળતો રાજા પોતાની પત્ની આરામ શોભા સાથે મહેલમાં આવ્યો. દેવ નિર્મિત, દિવ્ય પ્રભાવ યુક્ત ઉદ્યાન પણ રાજાના ભવનપર અવકાશમાં સ્થિર થઈને રહ્યું. નૃપતિ અને આરામશોભાના દિવસો આનંદમાં વ્યતિત થવા લાગ્યા.

આ તરફ અગ્નિશર્માની નવી પત્નીએ એક પુત્રીને જન્મ આપ્યો. શુક્લ પક્ષના ચંદ્રમાની પેઠે તે વૃદ્ધિ પામતી, અનુક્રમે યુવાવસ્થાને બારણે પહોંચી. તે જોઇને, તેની માતાને વિચાર આવ્યો. "જો આરામ શોતા મોતને ભેટે તે મારી પુત્રીમાં નૃપતિ આસક્ત બની, લગ્ન કરે. ગમે તે ઈલાજે હવે શોકય સરખી શોકયની પુત્રીને મરાવું.

વિચારને કર્તવ્યમાં મૂકવા, તેણે જાળ બીછાવી. પતિને કહ્યું, 'હે પતિ! આપણે અત્યાર સુધીમાં પુત્રી માટે કશું મિષ્ટાન્ન મોકલ્યું નથી. તો તે વિચાર કહી કહો."

અગ્નિશર્માએ કહ્યુ, "હે ભદ્રે! આપણી પુત્રીને કશી કમીના નથી તો બધી ભાંજગડ શા માટે! તે તો મહેલમાં કપૂરના કોગળા કરે છે તે સાંભળી, સ્ત્રીએ કહ્યું, "હે પ્રાણનાથ! આપનું કહેવું ઉચિત છે; પણ માતા પિતા તરફથી મળેલી નજીવી કે થોડી વસ્તુ પણ સમૃદ્ધ પુત્રી ઇચ્છે છે. તેથી મોદક જેવી કાંઈ પણ ખાવા જેવી વસ્તુ મોકલો "

પત્નીના ગાઢ આગ્રહને વશ બની બ્રાહ્મણે પત્નીને મોદક બનાવવાનો આદેશ આપ્યો. પતિની આજ્ઞા મળવાથી, તે દુષ્ટાએ ઉત્તમ પ્રકારના દ્રવ્યોથી યુક્ત સિંહ કેસરીયા વિષ મિશ્રિત મોદક તૈયાર કર્યા. તેને એક ઘડામાં ભરી, તેનું મોઢું બંધ કર્યું. પછી પતિને કહ્યું, "આપ આ ઘડો પુત્રી સિવાય કોઇને સોંપશો નહિ. આપણી વ્હાલી પુત્રીને કહેજો કે આ મોદકો તારા માટે જ છે. તેથી તું જ વાપરજે. બીજા કોઇને આપીશ નહિ, કેમકે જો તું બીજાને આપીશ તો આ લાડવા સારા નથી એમ કહી કુટુંબની અપભ્રાજના કરશે. નિંદા કરશે; ઉત્તમ દ્રવ્યોથી બનાવ્યા ન હોવાથી રાજકુળમાં હાંસી થશે. અમે તો ગામડાના રહેવાસી. સુંદર મોદક બનાવવાની ચતુરાઈ અમને ક્યાંથી આવડે?"

ભદ્રિક સ્વભાવી ભટ્ટ ભાર્યાના કપટને જાણતો ન હતો. તેથી તે સીલબંધ ઘડો લઇ ચાલી નીકળ્યો. રસ્તામાં ઘડાને માથા પાસે રાખી નિદ્રા લેતો તેમજ વારંવાર સીલબંધ મોઢાને જોતો. ચાલતાં ચાલતાં એક મોટા વડના વૃક્ષ પાસે આવ્યો. થાક તો ખૂબ લાગ્યો હતો શીતળ છાયાથી આરામની ઇચ્છા થઈ શરીર લંબાવ્યું કે તરતજ ગાઢ નિદ્રામાં પોઢી ગયો.

પેલા નાગકુમારે અવધિજ્ઞાનથી બ્રાહ્મણને સૂતેલો જોયો. આ બ્રાહ્મણ નગરમાં શા માટે જતો હશે?—એવો વિચાર આવ્યો. તરતજ રહસ્ય જાણ્યું "અરે! હું આરામ શોભાનો પાલક પિતા મોજુદ છું તો તેનું અકાળે મૃત્યું કેમ થઈ શકે? હજુ બાલાનું પુણ્ય જાગતું છે, પ્રબળ છે." તેમ વિચારી નાગકુમાર દેવતાએ વિષમિશ્રિત મોદકોનું અપહરણ કર્યું બીજા અમૃત તુલ્ય સ્વાદવાળાં દિવ્ય મોદકો તેમાં મૂકયા અને પૂર્વવત્ ઘડો સરખો કરી દીધો.

આરામ કરી, બ્રાહ્મણ રસ્તે પડયો. રાજદ્વારે પહોંચી પ્રતિહાર દ્વારા સંદેશો રાજાને પહોંચાડયો. પ્રતિહારે પ્રાર્થના કરી, "હે નાથ! આરામ શોભા રાણીના પિતા રાજદ્વારે આવ્યા છે. આપના દર્શનની ઇચ્છા રાખે છે. આપ આજ્ઞા આપો." રાજવીએ પૂછ્યું, "શું અગ્નિશર્મા પોતે આવ્યા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે ? તેમને માનપૂર્વક તેડી લાવ.”

અગ્નિશર્માએ ઉપસ્થિત થઈ આશીર્વચન કહ્યા. મોદકનો ઘડો તેમની સમક્ષ મૂકી, ઉચિત આસને બેઠો. રાજવીએ પ્રથમ કુશળ સમાચાર પૂછયા. પછી કહ્યુ, “ હે દ્વીજ ! આપ આ ઘડામાં શું લાવ્યા છો ?”

બ્રાહ્મણે કહ્યું, “ આરામ શોભાની માતાએ તેને માટે ઉત્તમ પ્રકારના મોદક મોકલ્યા છે.” નૃપતિ ખુશ થયા અને તે ઘડો આરામ શોભાના મહેલમાં મોકલી આપ્યો. વિપ્રનો વસ્ત્રાભુષણુ આદિથી સત્કાર કર્યો. હર્ષિત હૃદયવાળો રાજા રાણીના મહેલમાં આવ્યો. રાણીએ આપેલ આસન પર સ્થાન લીધું, તરત જ રાણીએ ઉત્સુકતા પૂર્વક કહ્યુ, “હે સ્વામિન્ ! ઈચ્છા થાય છે કે ઘડો ઉઘાડું આપ અનુમતિ આપશો ને ?” રાજાએ કહ્યું, ‘ હે માનિની ! સ્વેચ્છા પૂર્વક તેને ઉઘાડ ”

રાણીએ આજ્ઞાનો અમલ કર્યો કે તરત જ સુગંધની છોળો છૂટી. સમગ્ર આવાસ સુગંધમય બની ગયો. રાજા વિચારમાં પડયો, “ શું આ મોદકો અમૃત રસથી બનાવ્યા છે કે કોઈ દેવની સહાયથી બનાવ્યા ?” તેથી રાજાએ આરામ શોભાને કહ્યું, “ હે સુવદનિ ! કદી ન જોયેલ એવા આ મોદકો તારી બહેનોને આપ.”

મોદકના સ્વાદથી સહુ ખુશ થઈ, અને સારી એવી પ્રશંસા કરી.

વિદાય વખતે વિપ્રે રાજાને વિજ્ઞપ્તિ કરી, “ હે દેવ ! મારી પુત્રીને થોડા દિવસ મારે ઘેર મોકલો. તેને માતાના દર્શનનો લાભ મળશે ” રાજાએ હસીને કહ્યું, “ હે ભદ્ર ! આપ સરળ સ્વભાવી લાગો છો. રાજપત્ની સૂર્યના કિરણુને પણ પામી શકતી નથી. તો પછી મોકલવાની વાત જ શી ?

બ્રાહ્મણે ઘેર આવી તમામ હકીકત પોતાની પત્નીને કહી. તે સાંભળી દુષ્ટ અધ્યવસાયવાળી તે વિચારવા લાગી “ ધિક્કાર હો મારી બુદ્ધિને ! થોડા વિષથી કામ નહિ સરે તેમ ખબર હોત તો પણ કાંઈ વાંધો નહિ, હવે ઉગ્ર વિષનો ઉપયોગ કરીશ ”

( ક્રમશઃ )

( અનુસંધાન પાના ૨૧૩ નું ચાલુ )

બની શકે.

**(૧૪) કામ વૃત્તિ :-** આ વૃત્તિને હલકટ કક્ષા કે તુચ્છ કક્ષામાંથી બિહાટ તરફ વાળી શકાય પ્રભુભક્તિ અને પ્રભુપ્યારમાં એ રીતે યોજી શકાય જે રીતે મીરાએ ગિરધરના પ્યારમાં પોતાની જાતને ગરકાવ બનાવી અથવા સૂફી સન્ત પરમાત્માને પોતાની સજની માની તેમાં પ્યાર ભરી દે છે. તે રીતે પણ થઈ શકે છે. આ રીતે ભગવાનમાં અનન્ય શ્રદ્ધા-ભક્તિ કરી શકાય. બચ્ચાઓના શિક્ષણ અને નિર્માણમાં આ રીતે મોડ આપી શકાય.

**(૧૫) સન્તતિ સંરક્ષણ વૃત્તિ :-** આ વૃત્તિને કોઇ દિવ્ય સંરક્ષણમાં જોડી શકાય છે. સંસ્કૃતિ અને અધ્યાત્મ સંરક્ષણમાં જોડીને, માનવ મૂલ્યોના મહાનિધિને સુરક્ષિત કરી શકાય છે.

**(૧૬) દૈન્ય વૃત્તિ :-** આ વૃત્તિને આપણે અહંભાવના વિસર્જનમાં અથવા નમ્રતાનો ગુણ વિકસાવવામાં અથવા ક્ષણભંગુર ભૌતિક પદાર્થ અને સહારો દેનાર નથી તેવા મંતવ્યમાં જોડી શકીએ.

આ રીતે નવા દૃષ્ટિકોણ દ્વારા સમગ્ર વૃત્તિઓનું માર્ગાન્તરીકરણ થઈ શકે છે તે જીવનને સર્વથા નવો વળાંક આપી શકે છે તથા સુખ, સમૃદ્ધિ અને ઉન્નતિના શિખર પર ચઢાવી શકે છે.

( 'જૈન જગત'ના સૌજન્યથી ) હિન્દી પરથી

**પી. આર. સલોત**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

ભાવનગર કૃષ્ણનગર ઉપાશ્રયે બીરાજમાન પરમ તપસ્વી મુનિ ભગવંત શ્રી સંજયવિજયજી મહારાજ સાહેબ સતત્ ૨૩ વર્ષથી એકાંતર આયંબીલ તથા બેઆસણા, કે તેથી વધુ ઉપવાસ છઠ્ઠ આદિ તપ કરી રહ્યા છે. નાદુરસ્ત તબીયતે પણ તપ ઉપર સંપૂર્ણ શ્રદ્ધાને લીધે કયારેય છુટે મોઢે વાપરતા નથી.

તથા બીરાજમાન મુનિભગવંત શ્રી અકલંકવિજયજી મહારાજ સાહેબ પણ પરમ તપસ્વી છે. વર્ધમાન તપ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા છે, આ તપ બીલકુલ પ્રમાદ રહિત આચરી રહ્યા છે. આખો દિવસ લેખન કાર્ય ચાલુ રાખે છે. લોક ભોગ્ય રૂચીકર ગ્રંથો, પુસ્તકાલયોનું પ્રકાશન કરાવે છે. કર્મગ્રંથનું પણ સરળ ભાષાંતર ગુજરાતીમાં કરી પ્રકાશન કરી રહ્યા છે.

પ. પૂ. અકલંકવિજયજી મહારાજ સાહેબે ૯૮મી વર્ધમાન તપની ઓળી ખુબ સુખ શાતા પુર્વક ભાદરવા શુ. ૪ ના કરેલ છે.

પ. પૂ. સાધ્વીજી મહારાજ શ્રી શીલરત્નાશ્રીજી મહારાજ સાહેબે પણ વર્ધમાન તપની ૫૦મી ઓળી નિર્વિઘ્ને શાતા પૂર્વક કરી છે.

શ્રાવક–શ્રાવિકાઓએ પણ પ. પૂ. તપસ્વી મુનિ ભગવંતો તથા સાધ્વીજી મહારાજ સાહેબોની શુભ નિશ્રામાં સારી મોટી સંખ્યામાં અઠ્ઠમ તપ અને છઠ્ઠ તપ, દીપક વ્રતની આરાધના કરી છે. નવ લાખ નમસ્કાર મંત્રની સમુહજાપ આરાધના કરી છે. સમગ્ર ચાતુર્માસ દરમ્યાન અઠ્ઠમતપ અસ્ખલીત ચાલુ રહ્યા છે. અને આ અઠ્ઠમતપના આરાધકોને શ્રીમતી કનકલતાબેન ધીરજલાલ શાહ તરફથી ચારે માસ દરમ્યાન બહુમાન કરાય છે.

તપસ્વી મુનિઓના સંયોગે જ્ઞાતે દરજી હોવા છતાં છેલ્લા વર્ષોથી જૈન ધર્મ ઉપર શ્રદ્ધા બળવત્તર થવાથી ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ આદિ તપ કરતાં આ બહેને આ વરસે માસક્ષમણની અપૂર્વ તપશ્ચર્યા કરી છે. અને શાસનદેવના પસાયે ખુબજ સુખશાતા રહી છે.

બીજા શ્રીમતી તથા શ્રીમાન વસંતરાયે પણ શાસનદેવની અસીમ કૃપાથી માસક્ષમણની અપૂર્વ તપસ્યા કરી છે. ત્રીજા શ્રીમતી સૂર્યાબહેન ખાન્તીલાલે સિદ્ધિતપની આરાધના કરી છે. પંદર, અગીયાર, આઠ ઉપવાસની અને છઠ્ઠ અઠ્ઠમ આદિ તપ સારી સંખ્યામાં થયેલ છે. ઉપરના ત્રણે તપસ્વીનું બહુમાન શ્રી કૃષ્ણનગર જૈન સોસાયટીએ કર્યું છે.

બન્ને તપસ્વી મુનિ ભગવંતોનું પારણુ કરાવવાનો લાભ કૃષ્ણનગર જૈન સોસાયટી (સંઘ)ના મંત્રીશ્રી હિંમતલાલ અનોપચંદ મોતીવાળાએ લીધો હતો વાજતે ગાજતે બન્ને મુનિ ભગવંતો, ચતુર્વિધ સંઘ સાથે તેમને નીવાસસ્થાને આવી માંગલિક તથા પ્રવચન ફરમાવેલ. તથા પ્રભાવના કરવામાં આવી હતી.

કૃષ્ણનગરમાં બીરાજમાન મુનિભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબ તથા અન્ય શ્રાવક–શ્રાવિકાની તપશ્ચર્યા નિમીત્તે એક પંચાહ્નિકા મહોત્સવનું શ્રી કૃષ્ણનગર સોસાયટી તરફથી ભા. સુ. ૧૪ થી ભા. વ. [illegible] સુધીનો કરવામાં આવેલ. મહોત્સવને અંતે શાન્તિસ્નાત્ર ભણાવવામાં આવેલ. અને કૃષ્ણનગર સોસાયટીનું સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ.

(ટાઈટલ પેજ ૨નું ચાલુ)

શ્રી જૈન આગેવાન શ્રેષ્ઠીવર્યશ્રી ખૂબચંદભાઈએ ગુરુજીના રાજસ્થાન પરના ઉપકાર વિષે જણાવ્યું.

પૂ૦ ગુરુદેવોએ તેમના જીવન પ્રસંગોનો ઉલ્લેખ કર્યો. પૂર્ણાહુતિ કરતાં શ્રી બગડિયાએ સહુનો આભાર માન્યો.

For Private And Personal Use Only

# દરેક લાઈબ્રેરી તથા ઘરમાં વસાવવા જેવા અલભ્ય ગ્રંથો

| સંસ્કૃત ગ્રંથો | કીંમત |
|---|---|
| ત્રીશષ્ટિ શલાકાપુરુષ ચરિતમ્ મહાકાવ્યમ્ ૨-પૂર્વ ૩-૪ પુસ્તકાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| ત્રીશષ્ટિ શલાકા પુરુષચરિતમ્ મહાકાવ્યમ્ પર્વ ૨-૩-૪ પ્રતાકારે ( મૂળ સંસ્કૃત ) | ૨૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૧લો | ૪૦-૦૦ |
| દ્વાદશારં નયચક્રમ્ ભાગ ૨જો | ૪૦-૦૦ |
| શ્રી નિર્વાણ કેવલી ભક્તિ પ્રકરણ-મૂળ | ૧૦-૦૦ |
| નવસ્મરણાદિ સ્તોત્ર સંન્દોહઃ | ૨-૦૦ |
| શ્રી સાધુ-સાધ્વી યોગ્ય આવશ્યક ક્રિયાસૂત્ર પ્રતાકારે | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨-૦૦ |
| શ્રી વીતરાગ મહાદેવ સ્તોત્રમ્ | ૧-૦૦ |
| ખાદશીંપાધ્યાય | ૫-૦૦ |
| પ્રાકૃત વ્યાકરણમ્ | ૨૫-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૧ | ૧૫-૦૦ |
| શ્રી સુમતિનાથ ચરિત્ર ભાગ-૨ | ૩૫-૦૦ |
| શ્રી શ્રીપાળરાજાનો રાસ | ૨૦-૦૦ |
| શ્રી જાણ્યું અને જોયું | ૩-૦૦ |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૮-૦૦ |
| શ્રી કાવ્યસુધાકર | ૮-૦૦ |
| શ્રી કથારત્ન કોષ ભાગ ૧લો | ૧૪-૦૦ |
| શ્રી આત્મકાન્તિ પ્રકાશ | ૩-૦૦ |

| ગુજરાતી ગ્રંથો | કીંમત |
|---|---|
| શ્રી જ્ઞાનપ્રદીપ ભાગ ૧-૨-૩ સાથે લે.સ્વ. પૂ. આ. શ્રી વિ. કસ્તુરસૂરીશ્વરજી | ૨૦-૦૦ |
| ધર્મ કૌશલ્ય | ૩-૦૦ |
| નમસ્કાર મહામંત્ર | ૩-૦૦ |
| ચાર સાધન | ૩-૦૦ |
| પૂ. આગમ પ્રભાકર પુણ્યવિજયજી શ્રદ્ધાંજલિ વિશેષાંક : પાકું બાઇન્ડીંગ | ૮-૦૦ |
| ધર્મબિન્દુ ગ્રંથ | ૧૦-૦૦ |
| સૂક્ત રત્નાવલી | ૦-૫૦ |
| સૂક્ત મુક્તાવલી | ૦-૫૦ |
| જૈન દર્શન મીમાંસા | ૩-૦૦ |
| શ્રી શત્રુંજય ગિરિરાજ દર્શન | ૬-૦૦ |
| શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર | ૧-૦૦ |
| આર્હત્ ધર્મપ્રકાશ | ૧-૦૦ |
| આત્માનંદ ચોવીશી | ૧-૦૦ |
| બ્રહ્મચર્ય ચારિત્ર પૂજાદિત્રયી સંગ્રહ | ૩-૦૦ |
| આત્મવલ્લભ પૂજા | ૧૦-૦૦ |
| ચૌદ રાજલોક પૂજા | ૧-૦૦ |
| આત્મવિશુદ્ધિ | ૩-૦૦ |
| નવપદજીની પૂજા | ૩-૦૦ |
| આચારોપદેશ | ૩-૦૦ |
| ગુરુભક્તિ ગહુંલી સંગ્રહ | ૨-૦૦ |
| ભક્તિ ભાવના | ૧-૦૦ |
| હું ને મારી બા | ૫-૦૦ |
| જૈન શારદા પૂજનવિધિ | ૦-૫૦ |

લખો :- **શ્રી જૈન આત્માનંદ સભા** ખારગેઇટ, ભાવનગર (સૌરાષ્ટ્ર)

પોસ્ટેજ અલગ

તંત્રી : શ્રી પોપટભાઇ રવજીભાઇ સલોત શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર.

મુદ્રક : શેઠ હેમેન્દ્ર હરિલાલ આનંદ પ્રી. પ્રેસ, સુતારવાડ, ભાવનગર.